# 52

**જુનાગઢ અને અમરેલી જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

***15/4/1683 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર)**: માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | કબજે લીધેલ જથ્થો | | |
|---|---|---|---|
| | જણસી | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂ. પૈસા.) |
| જુનાગઢ | ઘઉં | ૧,૮૮૭ | ૩,૭૭૪ |
| | ચોખા | ૧૫૩ | ૪૫૯ |
| અમરેલી | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૨,૦૪૦** | **૪,૨૩૩** |

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૦૧ ઈસમ સંડોવાયેલ છે.

(૩) ઉક્ત ઈસમ સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ–૭ હેઠળ ફોજદારી રાહે પગલાં લેવા માટે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે જેનો નામ.કોર્ટમાં કેસ ચાલુ છે.

(૨) દુકાનનો પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.

(૩) પરવાના અનામત રાજયસાત – રૂ. ૫૦૦૦/–

(૪) રાજયસાત કરવામાં આવેલ જથ્થાની કુલ રકમ – રૂ. ૧૦,૨૪૭/–

(૫) દંડ – રૂ. ૬૩,૦૩૩/–

---